અનેક સ્થળે મતદાન સમયે ઘર્ષણના સંકેત..!!

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાનીમાં ૪૫૮ ગ્રામ પંચાયતોમાં આવતીકાલે મતદાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે આવતી કાલે તા.૧૯ ડિસેમ્બરે મતદાન યોજાવાનું હોવાથી શાંતિપૂર્ણ મતદાન માટે ૩૦૦૦થી પણ વધુ સુરક્ષા કર્મીઓને તૈનાત કરાયા છે. મતદાન મથકો ઉપર મતદાનની પૂર્વ સંધ્યાએ તમામ તૈયારીઓ પૂર્ણ કરાઈ હતી. સ્થાનિક ચૂંટણીઓ હોવાથી ભારેથી અતિભારે મતદાન થવાની સંભાવના છે તેમજ ગ્રામ પંચાયત ચૂંટણીમાં જે રીતે પ્રચાર યુદ્ધ સમયે આક્રમકતા જોવા મળી હતી તે જોતાં આજે મતદાન સમયે ઘર્ષણના સંકેત મળી રહ્યા છે. જિલ્લામાં આવતીકાલે યોજાનારી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૮,૯૧,૮૧૪ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. અરવલ્લી જિલ્લાના ૧૧૪ મતદાન મથકોને અતિસંવેદનશીલ તેમજ ૧૪૪ મતદાન મથકોને સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરાયા છે ત્યાં સુરક્ષાનો વિશેષ પ્રબંધ ઉભો કરાયો છે. તા.૨૧ ડિસેમ્બરે સવારે ૯-૦૦ કલાકથી તાલુકા મથકોએ મત ગણતરી હાથ ધરાશે. બેલેટ પેપરથી મતદાન થનારૂ હોવાથી માંડી રાત્રિ સુધી મત ગણના ચાલુ રહેવાની સંભાવના દેખાઈ રહી છે.

જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી માટે ગત તા.૨૨ નવેમ્બરે જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું હતું. ૩૦ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થતાં ૪૨૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે છેલ્લા ૧૪ દિવસથી પ્રચાર યુદ્ધ જામ્યું હતું. મતદારોને પોતાના તરફી આકર્ષવા માટે ઉમેદવારોએ તમામ પ્રકારના દાવપેચ અજમાવ્યા હતા. મતદારો પણ શાણા બની જઈ કોઈનું પણ મન કળવા દીધું નથી. આવતીકાલે યોજાનારા ઐતિહાસિક મતદાનમાં ૮૫ ટકાથી પણ વધુ ભારે મતદાન થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જિલ્લામાં મતદાન વેળાએ તેમજ મતદાન મથકોની બહાર કોઈ ઘર્ષણ ઉભુ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પોલીસ વડા દ્વારા ૩૦૦૦ થી પણ વધુ સુરક્ષા કર્મીઓને તૈનાત કરાયા છે. જે તે મતદાન મથકો ઉપર મતદાનની પૂર્વ સંધ્યાએ સુરક્ષા કર્મચારીઓ તેમજ ચૂંટણી અધિકારીઓને રવાના કરી દેવાયા છે અને આ માટે ખાસ વિશેષ બસોની પણ વ્યવસ્થા કરાઈ હતી. જિલ્લાના તમામ તાલુકા મથકો અને પોલીસ સ્ટેશને ચૂંટણી કામગીરીમાં સામેલ કરાયેલા કર્મચારીઓ અને સુરક્ષા કર્મીઓનો ભારે જમેલો જોવા મળ્યો હતો. કોઈપણ સ્થળે મતદાન ખોરવવાનો પ્રયાસ કરનારા તત્વો સામે સખ્તાઈથી કામ કરવા તમામ પોલીસ ઈન્સ્પેક્ટરોને ખાસ સૂચના આપી દેવામાં આવી છે. જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં કેટલાક તાલુકા મથકોએ ચૂંટણી કામગીરી સુપ્રત કરવામાં ભારે લાગવગશાહી કેટલાક નાયબ મામલતદાર (ચૂંટણી) દ્વારા ચલાવ્યાનો વ્યાપક આક્રોશ જોવા મળ્યો હતો અને આ અંગે ચૂંટણી પૂર્ણ થયા પછી કેટલાક કર્મચારીઓ દ્વારા જિલ્લા કલેક્ટરને પુરાવા સહ રજૂઆત થશે. અગાઉ ચૂંટણીના ઓર્ડર આપવામાં આવ્યા હતા અને લાગવગશાહીથી આવા ઓર્ડર રદ કરાયાનો એક આખો અહેવાલ તૈયાર થઈ રહ્યાનું જાણવા મળેલ છે.

ચૂંટણી અધિકારીઓને અપાયેલી કીટનું વજન ૧૦ કીલોથી વધારે..!!

ઓફીસમાં પટાવાળાને સૂચના આપતા અધિકારી રઘવાયા બન્યા

બાયડ, તા.૧૭ જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે પ્રિસાઈડીંગ, પોલીંગ ઓફીસરોને તાલુકા મથકોએ સવારમાં બોલાવવામાં આવ્યા હતા અને મતદાન મથકના મુખ્ય અધિકારીને ૧૦ કીલો વજનની કીટ અપાતાં તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા. મહાશાળાઓ અને ઓફીસમાં પટાવાળાને નાની ફાઈલ લાવવા માટે સૂચના આપતા અધિકારીઓને ૧૦ કીલો વજનની કીટ ઉંચકવાની આવતાં રઘવાયા બને તેવી સંભાવના છે. જાણવા મળ્યા મુજબ કીટમાં જુદી જુદી સ્ટેશનરી તેમજ મતદાન માટેનું બેલેટ બોક્સ અને તેને પેક કરવા માટે ખાસ કોથળા આપવામાં આવ્યા છે. ચૂંટણી કામગીરીમાં જોડાયેલા અધિકારીએ જણાવ્યું હતું કે મતપત્રકોની સાથે ૧૪ પ્રકારનાં ફોર્મ, પરબીડીયા, સાઈન બોર્ડ, બિલ્લા, પેન્સિલો તેમજ સીલ માટેની લાખ જેવી સામગ્રી આપવામાં આવી છે. જે વિસ્તારોની પંચાયત ચૂંટણીમાં વધુ ઉમેદવારો હતા તે વિસ્તારમાં કીટનું વજન ૧૨ કીલોથી પણ વધુ હોવાનું જાણવા મળેલ છે.

૩૨૦૦થી વધુ કર્મચારીઓ કામગીરીથી અળગા થયા

ઉત્તર ગુજરાતમાં રાષ્ટ્રીયકૃત બેંક કર્મચારીઓની ૨ દિવસની હડતાલ

પ્રથમ દિવસે ૫૦૦ કરોડથી વધુનું ટર્નઓવર ઠપ્પ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ બેંકોને ખાનગીકરણના દાયરામાં લાવવાના સરકારના અભિગમ સામે રોષે ભરાયેલા રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓ તા.૧૬ ડિસેમ્બરથી ૨ દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાલમાં જોડાયા હતા. ઉત્તર ગુજરાતમાં રાષ્ટ્રીયકૃત બેંકોના ૩૨૦૦ થી વધુ કર્મચારીઓ હડતાલના પગલે કામગીરીથી અળગા થતાં ૪૭ તાલુકાની બેંકોમાં ૫૦૦ કરોડથી વધુનું ટર્નઓવર પ્રથમ દિવસે ઠપ્પ થયાનો અંદાજ છે. બેંક કર્મચારીઓ હડતાલ ઉપર હોવાનું ન જાણતા અનેક બેંકના ગ્રાહકોને પરત જવાની નોબત આવી હતી.

બેંક કર્મચારીઓની હડતાલ વિદાય લેતા મહિનાના અંતિમ દિવસોમાં પણ જોવા મળી, કેન્દ્ર સરકાર દ્વારા આગામી શિયાળુ સત્રમાં સંસદમાં બેંકોના ખાનગીકણનો ખરડો પસાર કરવાની છે તેથી સાવધ બનેલા બેંક કર્મચારીઓએ રાષ્ટ્રવ્યાપી

હડતાલનું ૨ દિવસનું એલાન આપ્યું હતું તે મુજબ સાબરકાંઠા, અરવલ લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લાના ૩૨૦૦થી વધુ કર્મચારીઓ યુનાઈટેડ ફેડરેશન ઓફ બેંક યુનિયન દ્વારા જાહેર કરવામાં આવેલી બે દિવસીય હડતાલ ને મહાગુજરાત બેંક એમ્પલોઈઝ એસોસીએશન દ્વારા ટેકો જાહેર કર્યો હોવાથી હડતાલમાં જોડાયા હતા. રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓએ પોતાના હિતને નુકસાન થાય તેવા ખરડાને લઈને પ્રથમ દિવસે જડબેસલાક હડતાલ પાડી હતી જેના કારણે રાષ્ટ્રીયકૃત બેંકોનાં શટર પ્રથમ દિવસે સંપૂર્ણ પડેલાં જોવા મળ્યાં. બેંક કર્મચારી ઓના જણાવ્યા અનુસાર આજે શુક્રવારે પણ કર્મચારીઓ જડબેસલાક હડતાલમાં જોડાઈ કામગીરથી અડધા રહેશે. શનિવારે બેંકની કામગીરી રાબેતા મુજબ શરુ થશે. રાષ્ટ્રીયકૃત બેંક સાથે સંકળાયેલા અધિકારીના જણાવ્યા અનુસાર સરકાર દ્વારા બજેટમાં બે બેંકો અને વિમા કંપનીઓનું ખાનગીકરણ કરવાનું નક્કી કર્યું છે અને બે કોના ખાનગીકરણ માટે બંધારણમાં સુધારો કરવો જરૂરી હોવાથી સરકાર સંસદના સત્રમાં બેંકીંગ રેગ્યુલેશન એક્ટ અને બેંકીંગ કંપનીઝમાં સુધારો કરવાનું વિચા કરી રહી છે. જેથી બેંકોના થાપણદારોનું હિત પણ જોખમાઈ શકે તેવી આશંકા વ્યક્ત કરી છે અને તેના કારણે જ બેંકોના ખાનગીકરણના વિરોધમાં રાષ્ટ્રીયકૃત બેંક તેના કર્મચારીખોર દિવસની જડબેસલાક હડતાલમાં જોડાયા છે.

ચૂંટણી મહાસંગ્રામ

સાબરકાંઠાની ૨૨૮ ગ્રામ પંચાયતમાં સરપંચ પદ માટે જામનારો જંગ, ૯૩૩ મૂરતિયા મેદાનમાં

૩૪૦૦ પોલીંગ સ્ટાફ, ૧૫૦૦ પોલીસ કર્મચારીની ૫૯૯ મતદાન મથકો ઉપર નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ ઠંડીના સૂસવાટા વચ્ચે રવિવારે મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાવવાની છે. સાબરકાંઠા જિલ્લાની ૨૨૮ ગ્રામ પંચાય તોમાં સરપંચ અને વોર્ડ ઉમેદવારી માટે ખરાખરીનો જંગ જામશે. સરપંચ પદ માટે ૩૩ મૂરતિયા મેદાનમાં રહેતાં મોટાભાગે ત્રિકોણીય અને ચતુષ્કો ણીય જંગ જામશે. ઉમેદવારો, ટેકેદારોએ એડી ટોચનું જોર લગાવ્યું છતાં મતદારોમન કડવા દેતા નથી. નિષ્પક્ષ અને ન્યાયિક ચૂંટણીના આયોજનમાં ટે ૩૪૦૭ પોલીંગ સ્ટાફ અને ૧૪૯૮ પોલીસ સ્ટાફસ ૫૯ મતદાન મથકો ઉપર તૈનાત કરાશે. ચૂંટણીની કામગીરીમાં મૂકવામાં આવેલા પ્રિસાઈડીંગ અને પોલીંગ ઓફીસરોને આજે રીસીવિંગ સેન્ટરો ઉપરથી સાહિત્ય સાથે એસ.ટી. બસ મારફતે મતદાન મથકો ઉપર પોલીસ બંદોબસ્ત સાથે મોકલ વાની તૈયારીઓ પૂરી કરવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થતાં શિયાળામાં ગામડાનું રાજકારણ ગરમાયું હતું. તા.૧૪ ડિસેમ્બર સુધી લગ્નસ રાની સીઝનના કારણે ઉમેદવારો અને ટેકેદારોને મતદારોનો સંપર્ક કરવામાં કઠીનાઈનો સામનો કરવો પડ્યો. કમૂહર્ત શરુ થતાં ઉમેદવારોએ પ્રચાર વેગવંતો બનાવ્યો અને મતદારોને પોતાના તરફ આકર્ષવા અનેક પ્રલોભનો સાથે ખર્ચ પણ કરાયાં પરંતુ શાણા મતદારો સૂચક રીતે મૌન બની જતાં આ નેકગ્રામ પંચાયતોમાં ચોંકાવનારા પરિણામોની સંભાવના વધી છે. મહિલા સરપંચ પદના ઉમેદવારી છે ત્યાં તિવ્ર રસાક્ષીના સંક્ત છે. રાજકીય પક્ષો એ પોતાના કાર્યકરોએ મેદાનમાં ઉતારી ગ્રામ્ય રાજકારણમાં ફરી એકવાર ગરમાવો લાવી દીધી છે. સાબરકાંઠા જિલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણી જં ગ જાહેર થયો જેમાં ૫૦ કર્મચારીઓમાંથી ૨૩ ગ્રામ પંચાયત સંપૂર્ણ સમરસ જાહેર થતાં ૨૩ ગ્રામ પંચાયતોમાં તા.૧૯ ડિસેમ્બરે સવારે ૯૦થી સ જે -૦૦ બેલેટ પેપરથી મતદાન યોજાશે. ૨૩ ગ્રામ પંચાયતોમાં ૯૩૩ સરપંચ પદના અને ૩૫૬ વોર્ડ ઉમેદવારોના ભાવિ મતપેટીમાં સીલ થશે. ચૂંટણીની કામગીરીમાં ૧૧૯૮ બોટલ અવિલોપ્ય શાહીનો ઉપયોગ કરવામાં આવશે. ગ્રામ પંચાયતની ચૂંટણી જંગમાં ૪,૪૬,૭૩૨ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે જેમાં ૨,૧૭,૨૩૯ મહિલા મતદારો ગ્રામ પંચાયતની ચૂંટણીમાં નિર્ણાયક સાબિત થઈ શકે છે.

ગ્રામ પંચાયતોના ચૂંટણી જંગ ઉપર નજર...

● હિંમતનગર તાલુકો	
ગ્રામ પંચાયત	૬૦
મતદાન મથક	૧૭૦
પોલીંગ સ્ટાફ	૯૮૭
પોલીસ સ્ટાફ	૧૪૦૦
મતદારો	૧,૨૩,૫૯૭
● ઈડર તાલુકો	
ગ્રામ પંચાયત	૫૬
મતદાન મથક	૧૪૪
પોલીંગ સ્ટાફ	૮૫૫
પોલીસ સ્ટાફ	૩૨૫
મતદારો	૧,૦૬,૧૯૮
● વડાલી તાલુકો	
ગ્રામ પંચાયત	૨૩
મતદાન મથક	૪૫
પોલીંગ સ્ટાફ	૨૩૦
પોલીસ સ્ટાફ	૧૨૦
મતદારો	૩૧,૮૩૯
● ખેડબ્રહ્મા તાલુકો	
ગ્રામ પંચાયત	૧૪
મતદાન મથક	૩૭
પોલીંગ સ્ટાપ	૨૧૫
પોલીસ સ્ટાફ	૬૧
મતદારો	૩૦,૫૩૩
● વિજયનગર તાલુકો	
ગ્રામ પંચાયત	૨૩
મતદાન મથક	૬૪
પોલીંગ સ્ટાફ	૩૫૦
પોલીસ સ્ટાફ	૧૩૦
મતદારો	૪૮,૨૦૦
● પોશીના તાલુકો	
ગ્રામ પંચાયત	૦૮
મતદાન મથક	૩૭
પોલીંગ સ્ટાફ	૨૪૦
પોલીસ સ્ટાફ	૧૭૦
મતદારો	૩૨,૫૨૮
●	તલોદ તાલુકો
ગ્રામ પંચાયત	૨૦
મતદાન મથક	૪૭
પોલીંગ સ્ટાફ	૨૫૫
પોલીસ સ્ટાફ	૧૬૭
મતદારો	૩૩,૧૭૮
● પ્રાંતિજ તાલુકો	
ગ્રામ પંચાયત	૨૪
મતદાન મથક	૫૫
પોલીંગ સ્ટાફ	૨૭૫
પોલીસ સ્ટાફ	૧૨૫
મતદારો	૪૦,૬૫૯

જિલ્લામાં કોમર્શિયલના ભાવ વધ્યા પછી ઘરેલું ગેસમાં કાળા બજાર

ઘરેલું ગેસનો ધંધાકીય ઉપયોગ વધ્યો

બાયડ બ્યુરો ઓફિસ) તા.૧૭ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોમર્શિયલ ગેસના ભાવ વધાર્યાપછી ઘરેલું ગેસમાં કાળા બજારની બુમ ઉઠી છે. ઘરેલું ગેસનો ધંધાકીય ઉપ યોગ વધ્યો છે. કોમર્શિયલ ગેસ મોંઘો બનતાં હોટલો, ચાની કીટલીઓ, હાઈવેના ઢાબા વગેરે સ્થળે ઘરેલું ગેસનો ગેરકાયદેસર વપરાશ છતાં જવાબ દાર તંત્રનાં આંખ મિચામણાં આશ્ચર્ય ઉપજાવે છે. જિલ્લામાં અગાઉ કોમર્શિયલ ગેસના બાટલાનો ભાવ ૨૦૮૦ હતો તે વધીને ૨૨૦૦ થયો છે. જ યારે ઘરેલું ગેસ રુ૯૩૦માં મળે છે જે બ્લેકમાં ૧૨૦૦ સુધીના ભાવે વેચાતો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

મોંઘવારી સતત વધી રહી છે ગેસના ભાવ ઉંચકાતા હોવાથી હવે ધંધાર્થીઓ તેની વચલો રસ્તો શોધી કાઢ્યો છે. ઘરેલું ગેસના ભાવ કોમર્શિય લની સરખામણીમાં ઓછા હોવાથી જિલ્લામાં નાસ્તા, ફરસાણ તેમજ હોટલોમાં કોમર્શિયલ ગેસના સ્થાને ઘરેલું ગેસનો વધુ ઉપયોગ થઈ રહ્યો છે. જ્યા રથી કોમર્શિયલ ગેસના ભાવમાં અસહ્ય વધારો થયો ત્યારથી જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ઘરેલું ગેસનું ધુમ કાળા બજાર થતું હોવાની બુમ ઉઠી છે. જેમાં ચાની કીટલીઓથી માંડી હાઈવે ઉપરની હોટલો, ઢાબા, પાઉંભાજીની લારીઓ તેમજ અન્ય નાસ્તા ફરસાણની રેકડીઓ ઉપર બિન્દાસ્ત રીતે કોમર્શિયલના બદલે ઘરેલું ગેસનો વપરાશ થઈ રહ્યો છે. કોમર્શિયલ ગેસના બાટલા દીઠ રુ ૧૨૦ વધી ગયા પછી ઘરેલું ગેસનો ગેરકાયદેસર ઉપયોગ વધી ગયો હોવા છતાં જવાબદાર તંત્ર આ મુદ્દે ચૂપ બની ગયું છે. ભાવ વધારાના કારણે હવે મોટાભાગે ગેસના બાટલાનું ધુમ કાળા બજાર થઈ રહ્યાની વ્યાપક ફરિયાદો ઉઠી છે ત્યારે જિલ્લાના જવાબદાર તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તો શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોમર્શિયલ ભાવ વધારા પછી ઘરેલું ગેસના થઈ રહેલા દુરુપયોગ અને કાળા બજારનો પર્દાફાશ થઈ શકે છે.

મામલતદાર, પુરવઠા તંત્રની ચૂપકીદી

જિલ્લામાં કોમર્શિયલ ગેસના ભાવ વધ્યા હોવાના કારણે હવે ઘરેલું ગેસનો ધંધાકીય ઉપયોગ વધ્યો છે. એક રીતે ગેસમાં કાળા બજાર શરુથ યો છે તેમ છતાં મામલતદાર અને પુરવઠા વિભાગ દ્વારા ઘરેલું ગેસના ગેરકાયદે ઉપયોગ મુદ્દે ચૂપકીદી રાખવામાં આવી છે.

અમારી પાસે આવી કોઈ ફરિયાદ નથી - અરવલ્લી પુરવઠા તંત્ર

કોમર્શિયલ ગેસના ભાવમાં વધારો થયો છે. હાલ બાટલા દીઠ૨૨૦૦થયા છે જેથી તેની સામે ઘરેલું ગેસનો બોટલ રુ૯૩૦ સુધી મળતો હોવાના કારણે ધંધાર્થીઓ બ્લેમાં ૧૦૦૦થી ૧૨૦૦ ખર્ચીને હોટલ, કીટલી અને ઢાબાઓમાં ઘરેલું ગેસ વાપરી રહ્યાની ફરિયાદ છે. અરવલ્લી પુર વઠા તંત્રનો સંપર્ક કરતાં ઘરેલું ગેસના કાળા બજાર અને ગેરકાયદે ઉપયોગ મુદ્દે અમારી પાસે કોઈ ફરિયાદ ન હોવાનું જણાવ્યું હતું.

હિંમતનગરમાં નેત્રમ શાખાએ રીક્ષામાં ગુમ થયેલ પર્સ શોધી આપ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ હિંમતનગરમાં ગુમ થયેલ પર્સ અને મહત્વના દસ્તાવેજો શોધી આપવામાં નેકમ શાખાને વધુ એક સફળતા મળી છે. કાંદ્રોલ ગામના મહિ લાટાવરચોક થી મહાવીરનગર જવા માટે રીક્ષામાં બેઠાં હતાં જે સમયે તેમનું પર્સ રીક્ષામાં ભૂલી ગયાં હતાં જેથી તેમને નેમ કમાનશાખાનો સંપર્ક કરો તાં ટીમ દ્વારા સી.સી.ટીવી કેમેરાના આધારે રીક્ષાચાલકની શોધ કરી ૨૦૦૦ તેમજ અગત્યના દસ્તાવેજ સાથેનું પર્સ મૂળ માલિકને શોધી આપ્યું હતું. સાબરકાંઠા જિલ્લા નેત્રમ શાખા દ્વારા હિંમતનગર શહેરના વિવિધ વિસ્તારોમાં સી.સી.ટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા પછી ચોરી સહિતના ગુનાનો ભેદ ઝડપથી ઉકલાઈ રહ્યો છે તેમાંય પેસેન્જર રીક્ષામાં ગુમ થતા પર્સ તેમજ અન્ય સરસામાન ગુમ થવાની

ફરિયાદોનો ત્વરીત ઉલ આવી રહ્યું છે. કાંણોલગામના મનિષાબેન દરજી તા.૧૫ના રોજ હિંમતનગરના ટાવર ચોક થી મહાવીરનગર જવા માટે રીક્ષામાં બેઠાં હતાં જે દરમ્યાન તેમને પર્સ રીક્ષામાં જ ભૂલી ગયાં હતાં જેથી આ અંગે નેત્રમ શાખાને જાણ કરવામાં આવી. ડીટેક્શન ટીમ દ્વારા સી.સી.ટીવી કેમેરા ચકાસી રીક્ષાની ઓળખ થયા પછી રીક્ષાચાલકના મોબાઈલ નંબર મેળવી તેનો સંપર્ક કર્યા પછી તેને કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે બોલાવવામાં આવ્યો જ્યાં રીક્ષા ચાલકે પો તાને પર્સ મળ્યાની કબુલાત કર્યા બાદ કાંણોલની મહિલાને તેમનું પર્સ ગણતરીના કલાકોમાં જ પરત આપવામાં આવ્યું હતું.

અરવલ્લીમાં વાહન ચોર ટોળકી બેફામ : ભિલોડા-વાંકાટીબામાંથી ૨ બાઈક ઉઠાવ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ અરવલ્લી જિલ્લામાં વાહન ચોર ટોળકી બેફામ બની છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં રોજ વાહન ચોર તરખાટ મચાવી રહ્યા છે. ભિલોડા ના રાધાકુંજ કોમ્પલેક્ષ અને વાંકાટીબા ગામેથી વાહન ચોર ૪ ૫૦ હજારની કિંમતના બે બાઈક ઉઠાવી પલાયન થઈ જતાં ભિલોડા અને શામળાજી પોલી સે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. વાહન ચોરનો આતંક કાયમી બની ગયો છે. વાહન ચોરાય એટલે પોલીસ ફરિયાદ લેવામાં આનાકાની કર્યા પછી ગુનો દાખલ કરે તો પણ દિવસો સુધી વાહન કે વાહન ચોરનો પર મળતી નથી. ભિલોડા તાલુકાના કમઠારીયા ગામના મુકેશ અમૃતભાઈ ભુવડે તેમનું બાઈક ભિલોડાના રાધા કુંજ કોમ્પલેક્ષમાં પાર્ક કર્યું હતું જે દરમ્યાન કોઈ વાહન ચોર ૩૫ હજારની કિંમતનું બાઈક ઉઠાવી પલાયન થઈ ગયો હતો. બનાવ અંગે ભિલોડા પોલ "સે અજાણ્યા વાહન ચોર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બીજા બનાવમાં તાલુકાના વાંકાટીબા ગામના લાલુરામ હુંજાભાઈ ખરાડીના ઘરની ચોપ પળમાં રાત્રિના સમયે ત્રાટકીને વાહન ચોર રુ ૧૫ હજારની કિંમતનું પલ્સર બાઈક ઉઠાવી ફરાર થઈ ગયા હતા. સવારે ચોપાળમાં બાઈકન જોતાં માલિ કે આંચકો અનુભવ્યો હતો. વાહન ચોર બાઈક ઉઠાવી ગયાની જાણ થતાં લાલુરામ ખરાડીએ શામળાજી પોલીસને ફરિયાદ આપતાં ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાંતિજના ઈસમને કાર ખરીદીનો ટેસ્ટ ડ્રાઈવ રૂા. ૭ લાખમાં પડ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ પ્રાંતિજનીગોકુલપાર્ક સોસાયટીમાં રહેતા ઈસમને કાર ખરીદીમાં ટેસ્ટ ડ્રાઈવ કરવો મોંઘો પડયો છે. કારની ખરીદી માટે આણંદ પહોંચેલા ઈશ્વમને વિશ્વાસમાં લઈ સ્થાનિક ૨ ઈસમોએ ગુગલ-પે થી તેમજ આર.ટી.જી.એસ.થી ૭,૦,૧૮ નીરકમ મેળવી લઈ છેતરપીંડી આચરતાં મામ લો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. બનાવ અંગે પ્રાંતિજ પોલીસે બે વ્યક્તિઓ સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. પ્રાંતિજની ગોકુલપાર્ક સોસાયટીમાં રહેતા મયુર ભરતભાઈ પટેલે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં આપેલી ફરિયાદ મુજબ અક્ષય બારૈયા (રહે.સાં ગલી સરદારનગર, બરોડ) અને વીર સૂર્યવંશી નામના ઈસમોએ તેમના મોબાઈલ ફોન ઉપર અર્ટીકા કાર (નં.જી.જે.૨૩-સીસી-૧૬૮૭)નાફોટામો ક્લી આપી કાર જોવા માટે આણંદ બોલાવ્યા હતા જેમાં તા.૧૦ના રોજ તેઓ આણંદ મસા સ્કુલની બાજુમાં આવેલીસાબર ઓટોમાં ગયા જે દરમ્યા ન ઉપરોક્ત બંને ઈસમોએ કાર બતાવ્યા પછી ટેસ્ટ ડ્રાઈવ આપી વિશ્વાસમાં લીધા હતા. પ્રાંતિજના ઈસમને કારના ટેસ્ટ ડ્રાઈવ બાદ ગુગલ-પેથી ૨ ૦,૧૮૦તથા એસ.બી.આઈ. બેંક, બરોડા-સાંગલીશાખાના ખાતા નં.૩૩૧૨૨૧૭૮૩૪માં ૪૬,૮૦,૦૦૦ની રકમ આર.ટી.જી.એસ. કરાવ્યા બાદ કુલ ૭,૦૦,૧૮૦ની રકમ મેળવી લઈ કાર કે રુપિયા પરત ન આપી છેતરતાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.